

Green Card for USA by EB 5 investor visa
NEWS OF GANDHINAGAR (DAILY)
USA #EB5Visa #Greencard
Call / Whats up No 09824653073



પ્રજાને થતાં અન્યાયો અને ફરિયાદોને વાચા આપતું એકમાત્ર સાપ્તાહિક

now on Internet www.janfariyad.com

अब तो एक ही आग ''जन फरियाद''

R.N.I. No. GujGuj/1997/57
Po. Reg. No. GAMC/1185

# જન ફરિયાદ

તંત્રી : પ્રદિપ રાવલ

સાપ્તાહિક

R.N.I. No. GujGuj/1997/57
Po. Reg. No. G-GNR-286
S.S.P.O.'S Gandhinagar
Velid Up to : 31 Dec., 2014
Rs.2-00, Annual : Rs.100-00

**Gandhinagar Office :** Block No. 677/2, "GH" Type, Sector-8, Gandhinagar

■ વર્ષ-27 ■ અંક-20 ■ તા. 14-05-2023 ■ રવિવાર ■ પાના - 2 ■ કિંમત રૂા. 2/- ■ વાર્ષિક લવાજમ : 100 રૂા. ■ મુખ્ય કાર્યાલય : બ્લોક નં. 677/2, 'ઘ' ટાઈપ, સેક્ટર-8, ગાંધીનગર (મો.) 98246 53073 (નિ.) 23238022 ■ Email : prdpraval@yahoo.co.uk


# ગાંધીનગરમાં રહેતુ દંપત્તિ દીકરાને મળવા US ગયુ અને તસ્કરોએ બંગલામાંથી ૩૦.૫૨ લાખનો હાથ ફેરો કરી લીધો

ગાંધીનગરઃ ગાંધીનગરમાં આવેલા સેક્ટર-૧માં આવેલા પ્લોટ નંબર ૩૧૪/૧માં રહેતા અનુપમાબેન અમરનાથ રામચરિત્ર ગત ૨૯ તારીખના વિઝિટર વિઝા પર અમેરિકા ખાતે રહેતા પોતાના પુત્રને મળવા માટે ગયા હતા. જેથી તેમને ઘર ૨૯ તારીખથી બંધ પડ્યુ હતુ. જ્યારે તેમના ઘરે સાફ સફાઈ માટે આવતી કામવાળી બહેન ભાવનાબેન બંગલા પર સાફ સફાઈ માટે પહોંચી ત્યારે બંગલાની બારીની ગ્રીલ તૂટેલી જોઈ હતી. જેથી ભાવનાબહેને પાડોશીને જાણ કરી હતી. પાડોશીએ તાત્કાલિક ફોન કરીને અનુપમાબહેનને ફોન કરીને જાણ કરી હતી કે, તેમના ઘરની બારીની ગ્રીલ તૂટેલી છે અને ચોરી થયાની શક્યતા છે. જેથી અનુપમાબહેને ગાંધીનગરમાં રહેતા અને સચિવાલયમાં કામ કરતા તેમના ભાઈ પ્રશાંત મિશ્રાને સમગ્ર બનાવની જાણકરી હતી. જેથી પ્રશાંત મિશ્રા તેમની બહેનના બંગલે દોડી આવ્યા હતા.પ્રાથમિક તપાસ કરતા જાણવા મળ્યુ હતુ કે, ચોરો બારીની ગ્રીલ તોડી પ્રવેશ કર્યો હતો અને બંગલામાં ચોરી કરી હતી. પ્રશાંતભાઈએ તેમની બહેન પાસેથી કિંમતી સામાન ક્યાં મુક્યો હતો તે અંગેની માહિતી મેળવી હતી અને તે સ્થળે તપાસ કરતા ચોરોએ કિંમતી સામાન જ્યાં મુકવામાં આવ્યો હતો તે જગ્યા પર પણ હાથ ફેરો કર્યો હતો. જજેમાં બંગલાની નીચે અને પ્રથમ માળના બેડરૂમમાં રાખેલા લાકડાના કબાટમાંથી ચોરી કરી હોવાનું સામે આવ્યુ હતુ.ચોરોએ બંને કબાટમાંથી ૧૦ નંગ કાનની રીંગ, સોનાનો નેકલેસ, બંગડી, લેપટોપ, સોનાની વીટી સહિતની ૩૦.૫૨ લાખ રૂપિયાની વસ્તુઓ ચોરોએ ચોરી લીધી હતી. ચોરી થઈ હોવાની જાણકારી મળતા જ સેક્ટર-૭નો પોલીસ સ્ટાફ ઘટના સ્થળે દોડી આવ્યો હતો અને તસ્કરોને ઝડપી પાડવા માટે રાબેતા મુજબ, ડોગ સ્કવોર્ડ અને ફિંગર પ્રિન્ટ નિષ્ણાંતની મદદ લીધી હતી. પોલીસે આસપાસમાં રહેતા લોકોના CCTVના ફૂટેજ મેળવવાની શરૂાત કરી હતી. મળતી વિગતો અનુસાર, અનુપમાબેનના પતિ નિવૃત કોસ્ટગાર્ડ અધિકારી છે.બંધ બંગલામાંથી તસ્કરો CCTV અને DVR પણ ઉઠાવી ગયા હતા. તસ્કરોને અગાઉથી જ જાણ થઈ હતી કે, ઘરમાં કોઈ નથી અને ઘરમાં CCTV લાગેલા છે, જેથી કોઈ પુરાવા પોલીસને ન મળે તે વાતનું ધ્યાન રાખીને ચોરો CCTV અને DVR પણ ઉઠાવી ગયા હતા.

### જેઠા ભરવાડનું સરપંચ અને કાર્યકરોને ફરમાન

# નલ સે જલ યોજનામાં તપાસ પૂર્ણ ન થાય ત્યાં સુધી કોઈ કામ કરવા દેવા નહિ

(એ.આર.એલ),દાહોદ,તા.૧૩

શહેરાના ધારાસભ્ય જેઠા ભરવાડનું વધુ એક ફરમાન સામે આવ્યું છે. વાત જાણે એમ છે કે, જેઠા ભરવાડે પોતાના મત વિસ્તારના સરપંચો અને કાર્યકરોને પાણી પુરવઠા કે વાસ્મો વિભાગને કોઈ કામગીરી ન કરવા દેવા ફરમાન કર્યું છે. આ સાથે કહ્યું કે, જ્યાં સુધી 'નલ સે જલ' યોજનામાં તપાસ પૂર્ણ ન થાય ત્યાં સુધી કામ ન કરવા દેવા ફરમાન કર્યું છે. નોંધનીય છે કે, અગાઉ જેઠા ભરવાડે 'નલ સે જલ' યોજનામાં ભ્રષ્ટાચાર થયાના આક્ષેપ કર્યા હતા.

પંચમહાલના શહેરાના ધારાસભ્ય જેઠા ભરવાડને લઈ ફરી એકવાર મોટા સમાચાર સામે આવ્યા છે. શહેરાના ધારાસભ્ય જેઠા ભરવાડનું વધુ એક ફરમાન સામે આવ્યું છે. આ પહેલા પોતાના મત વિસ્તારમાં નલ સે જલ યોજનામાં ભ્રષ્ટાચાર થયાના આક્ષેપ લગાવ્યા અને મુખ્યમંત્રીને પત્ર પણ લખ્યો હતો. આ તરફ હવે પોતાના મત વિસ્તારના સરપંચો અને કાર્યકરોને પાણી પુરવઠા કે વાસ્મો વિભાગને કોઈ કામગીરી ન કરવા દેવા ફરમાન કર્યું છે. ભાજપના ધારાસભ્ય અને વિધાનસભાના ઉપાધ્યક્ષ જેઠા ભરવાડે અગાઉ પોતાના મત વિસ્તારમાં નલ સે જલ યોજનામાં ભ્રષ્ટાચાર થયાના આક્ષેપ સાથે મુખ્યમંત્રીને પત્ર પણ લખ્યો હતો. વિધાનસભાના ઉપાધ્યક્ષ અને શહેરાના ધારાસભ્ય જેઠા ભરવાડે તત્કાલિન કલેક્ટર સુજલ મયાત્રા પર ભ્રષ્ટાચારનો આરોપ લગાવ્યો હતો. જેઠા ભરવાડે નલ સે જલ યોજનામાં ભ્રષ્ટાચાર થયાનો આક્ષેપ કર્યો છે.તેમનો આક્ષેપ છે કે સુજલ મયાત્રા પંચમહાલના કલેક્ટર હતા ત્યારે ગેરરીતિ કરી હતી. નલ સે જલ યોજનામાં ૯૦ જેટલા ગામમાં કામ થયા હતા. મયાત્રાએ પોતાની નજીકની સંસ્થાને કામ આપીને ગેરરીતિ કરી હતી. હવે આ કેસમાં જો ACB તપાસ થાય તો મોટું કૌભાંડ બહાર આવી શકે છે.

નલ સે જલ યોજના અંગે આ અગાઉ પંચમહાલના ધારાસભ્ય નિમિષા સુથારે પણ ટકોર કરી હતી. નિમિષા સુથારે એક કાર્યક્રમ દરમિયાન ટકોર કરતા કહ્યું હતું કે એજન્સીઓને માત્ર નાણામાં જ રસ છે લોકોને પાણી મળે કે ન મળે તેની કોઈ ચિંતા નથી. એજન્સીઓ હાથ ઉંચા કરી જતી રહે છે. પણ સરપંચ અને નાગરિકોને જાતે ધ્યાન રાખવું પડે છે.

મહત્વનું છે કે, ધારસભ્યની રજૂઆતમાં કેટલું સત્ય છે તે તો રાજ્યભરમાંથી વાસ્મો યોજનામાં સામે આવેલી કેટલીક હકીકતો પુરવાર કરે છે. અંતરિયાળ ગામોમાં લોકો પાણી માટે રઝળપાટ કરી રહ્યાં છે અને દરેક જગ્યા પર સરકાર નલ સે જલ યોજના શોભાના ગાંઠિયા સમાન સાબિત થઈ રહી છે. તેવામાં જોવાનું રહ્યું કે, સત્તા પક્ષના જ ધારાસભ્ય અને વિધાનસભાના ઉપાધ્યક્ષના આ પત્ર બાદ ભ્રષ્ટ્રાચાર મુદ્દે કેવા પ્રકારની કાર્યવાહી થાય છે.

# મોદીની સિક્યોરિટીમાં રહી ચૂકેલા પોલીસ અધિકારીના દીકરાનું ટોરોન્ટોમાં ગુમ થવા બાદ મોત

(એ.આર.એલ),પાલનપુર,તા.૧૩

કેનેડામાં વધુ એક ગુજરાતી યુવકની લાશ મળી આવી છે. ટોરોન્ટોમાં રહેતા ગુજરાતના ડીવાયએસપીના દીકરાની લાશ મળી આવી છે. તત્કાલીન સીએમ નરેન્દ્ર મોદીની સિક્યોરિટીમાં રહી ચૂકેલા ડીવાયએસપીનો દીકરો સાત દિવસ પહેલાં ગુમ થયો હતો. નોંધનીય છે કે ૨૦ દિવસ પહેલાં અમદાવાદના હર્ષ પટેલ નામના યુવકની પણ કેનેડામાં ગુમ થવા બાદ લાશ મળી આવી હતી. હર્ષ પટેલ પણ યોર્ક યુનિવર્સિટીમાં ભણતો હતો. જ્યારે આયુષ પણ આ જ યુનિવર્સિટીમાં ભણતો હતો. આમ, ઉપરાઉપરી બે શોકિંગ બનાવથી કેનેડામાં વસતા ગુજરાતીઓમાં ભયનું વાતાવરણ ઊભું થયું છે. મૂળ ભાવનગર પાસેના સિદસર ગામના વતની અને હાલ પાલનપુર ખાતે ફરજ બજાવતા ડીવાયએસપી રમેશભાઈ ડાંખરાનો ૨૩ વર્ષીય દીકરો આયુષ ડાંખરા ધોરણ-૧૨ બાદ વધુ અભ્યાસ માટે સાડાચાર વર્ષ પહેલાં કેનેડા ગયો હતો, જે ગત તારીખ ૫ મેના રોજ ગુમ થઈ ગયો હતો. આ અંગે મિત્રોએ પરિવારને જાણ કરી તેમ જ આયુષ ગુમ થવાની ત્યાંની પોલીસમાં ફરિયાદ નોંધાવી હતી. એના બીજા દિવસે કેનેડા પોલીસને તેને લાશ મળી આવી હતી. આયુષના કાકા નારણભાઈ ડાંખરાએ કહ્યું, 'મૃતક આયુષ રમેશભાઈ ડાંખરા ૨૩ વર્ષનો હતો. તેના પરિવારમાં એક નાનો ભાઈ અને માતા-પિતા છે. નાનો ભાઈ ગાંધીનગરમાં અભ્યાસ કરે છે, જ્યારે તેના પિતા રમેશભાઈ પાલનપુર ખાતે ઙ્મજીૈં તરીકે ફરજ બજાવે છે. રમેશભાઈ મારા પિતરાઈ છે. અમે બધા ભાવનગરના સિદસર ગામમાં રહીએ છીએ. આયુષે ધો. ૧૨ સુધીનો અભ્યાસ ગાંધીનગરમાં કર્યો છે અને એ પછી આગળ ભણવા માટે તે સીધો કેનેડા ગયો હતો. કેનેડામાં તેને આશરે સાડાચાર વર્ષ થયાં હશે. છ મહિનામાં તેની માસ્ટર ડિગ્રી પૂરી થવાની હતી. ત્રણ વર્ષ કોલેજ કરી પાછો માસ્ટર્સનું ભણતો હતો. નારણભાઈ આગળ જણાવે છે કે અમારા અમુક સંબંધીઓ કેનેડામાં વસવાટ કરી રહ્યા છે. અમારા પરિવારમાંથી આયુષ એકલો કેનેડા ગયો હતો. તે કેનેડામાં યોર્ક યુનિવર્સિટીમાં ભણતો હતો. ત્યાં ૪-૫ ગુજરાતીઓ મિત્રો સાથે રહેતો હતો. આયુષ ગઈ ૫ તારીખે ઘરેથી નીકળ્યો હતો, પરંતુ દોઢ દિવસ સુધી ઘરે પાછો નહોતો ફર્યો ત્યારે તેના મિત્રોએ આયુષના પિતા રમેશભાઈને ફોન કર્યો કે આયુષ દોઢ દિવસથી ઘરે નથી આવ્યો.અને ફોન રિસીવ નથી કરતો. ત્યારે રમેશભાઈએ તેમને પોલીસમાં મિસિંગ રિપોર્ટ લખાવી દેવાનું કહ્યું હતું. પછી મિત્રોએ ત્યાંની પોલીસમાં ગુમ થવાનો રિપોર્ટ લખાવ્યો હતો. મિત્રોએ કહ્યું હતું કે કેનેડાનું પોલીસતંત્ર એક્શનમાં આવ્યાના ૬ કે ૭ કલાકમાં આયુષના સમાચાર મળ્યા કે એક ડેડબોડી મળી છે, તમે ખરાઈ કરવા આવો. તેના મિત્રો ત્યાં પહોંચે એ પહેલાં હોસ્પિટલે ડેડબોડી પહોંચી ગઈ હતી. પોલીસ તેમને ફોટો બતાવ્યો. ફોટો જોઈને ૨ મિત્રોએ કહ્યું કે આ આયુષ નથી, જ્યારે ૧ મિત્રએ કહ્યું કે આ આયુષ જ છે. અમને પણ શંકા થઈ કે આયુષ છે કે નહીં એ પહેલાં પાક્કું કરી લઈએ. છેલ્લે, આયુષ જ નીકળ્યો. ફોટો બતાવ્યો એના ત્રીજા દિવસે ખબર પડી કે એ આયુષ જ છે. તેમણે ઉમેર્યું કે આયુષના મોતનું કારણ વગેરે પોલીસ તપાસ કરી રહી છે. પોલીસ સાથે ત્યાં વાત થઈ છે. તે લોકો રિપોર્ટ તપાસી રહ્યા છે, ઝઝ્રᅟ ફૂટેજ વગેરે ચેક કરી રહ્યા છે. તેનાં લોકેશન પણ તપાસી રહ્યા છે, જેથી ખબર પડે કે આયુષ ક્યાંથી કયાં ગયો હતો. ૧૪ એપ્રિલ ૨૦૨૩ને શુક્રવારના રોજ હર્ષ પટેલ અચાનક જ ગુમ થઈ ગયો હતો. હર્ષ તેની સાથે રહેતા મિત્રોએ કહ્યું હતું કે હું અન્ય એક મિત્રને એસાઈનમેન્ટ આપવા માટે જઈ રહ્યો છું. ત્યાર બાદ મોડી રાત સુધી ઘરે પરત ફર્યો ન હતો એટલે મિત્રોને ચિંતા થઈ હતી. હર્ષના કાકા ઉપેન્દ્રભાઈ પટેલે આ ઘટના અંગે જાણકારી આપતાં કહ્યું, 'અમને શનિવારે રાત્રે ખબર પડી કે હર્ષ મિસિંગ છે. રવિવારે સાંજ સુધી ખબર પડી કે હજુ નથી મળતો. ત્યારે અમે નિર્ણય લીધો કે હવે કેનેડા જવું જઈએ, જેથી કોઈપણ પરિસ્થિતિ ઊભી થાય તો પરિવારનો કોઈ સભ્ય ત્યાંથી નિર્ણય લઈ શકે, તેને શોધવા માટે પણ સ્થાનિક પોલીસને કેટલીક મદદ કરી શકે, કારણ કે ઘણા નિર્ણયો એવા હોય કે જે પરિવાર સિવાય લેવા અઘરા પડે.'

# રાજકોટમાંથી મળી આવેલા ૨૧૪ કરોડ રૂપિયાના ડ્રગ્સનું પાકિસ્તાન કનેક્શન સામે આવ્યુ

(એ.આર.એલ),રાજકોટ,તા.૧૩

ગુજરાત સહિત દેશના નાગરિકોને નશાના નરકમાં ધકેલવાના નાપાક ષડયંત્રનો ફરી એક વખત પર્દાફાશ થયો છે. રાજકોટમાંથી ડ્રગ્સનો મોટો જથ્થો ઝડપાતા ચકચાર મચી ગઈ છે. રાજકોટમાં જામનગર રોડ પર શ્રીજી ગૌશાળા પાછળથી અવાવરુ જગ્યામાંથી અંદાજે ૩૧ કિલો જેટલો હેરોઇનનો જથ્થો મળી આવ્યો હતો. જેની કિંમત ૨૧૪ કરોડ રૂપિયા જેટલી છે. ગુજરાત એટીએસની તપાસમાં આ ડ્રગ્સના જથ્થા પાછળ પાકિસ્તાન કનેક્શનનો પર્દાફાશ થયો છે. ગુજરાતમાં છેલ્લા કેટલાક દિવસોથી દારૂની જેમ અવારનવાર ડ્રગ્સો જથ્થો પણ ઝડપાઈ રહ્યો છે. ત્યારે આજે ફરી એક વખત ગુજરાત એટીએસસને ડ્રગ્સ ઝડપી પાડવામાં સફળતા મળી છે. ગુજરાત એટીએસની ટીમે રાજકોટ ગ્રામ્યના જામનગર રોડ પરથી મોટી માત્રામાં ડ્રગ્સનો જથ્થો ઝડપી પાડ્યો છે. ગુજરાત એટીએસએ કુલ ૩૧ કિલો ડ્રગ્સનો જથ્થો પકડ્યો છે. જેની અંદાજીત બજાર કિંમત રૂપિયા ૨૧૪ કરોડ જેટલી છે. રાજકોટમાં ગુજરાત એટીએસએ મોટું ઓપરેશન પાર પાડી કરોડોનું ડ્રગ્સ ઝડપી પાડ્યું છે. જેમાં રાજકોટની ભાગોળેથી રૂપિયા ૨૧૪ કરોડનું ૩૧ કિલો ડ્રગ્સ ઝડપી પાડવામાં આવ્યું છે. ત્યારે રાજકોટ શહેર પોલીસની ક્રાઈમ બ્રાન્ચને આટલા મોટો ડ્રગ્સના જથ્થાની ગંધ પણ ન આવી તેવા સવાલો લોકમુખે ચર્ચાઈ રહ્યું છે. ડ્રગ્સનો જથ્થો પાકિસ્તાનથી મંગાવવામાં આવ્યો હોવાનો ખુલાસો થયો છે અને તેને દિલ્હી પહોંચાડવાનો હતો. દિલ્હીમાં નાઇજિરિયન શખ્સને આ ડ્રગ્સ પહોંચાડવાનું હતું. આથી એટીએસ અને નાર્કોટિક્સ વિભાગની ટીમે ડ્રગ્સનો જથ્થો મંગાવનારા નાઇજિરિયન શખ્સની દિલ્લીથી ધરપકડ કરી અને તેને રાજકોટની કોર્ટમાં રજૂ કરવામાં આવ્યો છે. રાજકોટની કોર્ટે આરોપીના ૨૪ તારીખ સુધીના રિમાન્ડ મંજૂર કર્યા છે. ડ્રગ્સનો આ જથ્થો પાકિસ્તાનથી અનવર નામના વ્યક્તિએ મોકલ્યો હતો અને જાફરી નામના શખ્સે દરિયાકિનારેથી તેની ડિલિવરી લીધી હોવાનું સામે આવ્યું છે. ત્યારે પોલીસે હવે આ દિશામાં તપાસ શરૂ કરી છે.

# માધુપુરા ૨૦૦૦ કરોડના ક્રિકેટ સટ્ટાકાંડનો સૂત્રધાર ઋષિકેશના રિસોર્ટમાંથી ઝડપાયો

અમદાવાદઃ અમદાવાદના માધુપુરામાં પકડાયેલા ૨૦૦૦ કરોડના ક્રિકેટ સટ્ટાકાંડના કેસમાં વિજિલન્સ ટીમને મોટી સફળતા મળી છે. પ્રાપ્ત માહિતી અનુસાર ટીમે સટ્ટાકાંડના સૂત્રાધારને હરિદ્વાર સ્થિત ઋષિકેશના એક રિસોર્ટમાંથી ધરપકડ કરી છે. જણાવી દઈએ કે આ કેસ પહેલા પોલીસ પાસે હતી પરંતુ બાદમાં વિજિલન્સ ટીમને સોંપવામાં આવી હતી. આ કેસમાં હજી ૧૨થી વધુ આરોપીઓ પોલીસ પકડથી દૂર હોવાનું સામે આવ્યું છે. જેથી ફરાર આરોપીઓને પકડવ માટે સતત દરોડા પાડવામાં આવી રહ્યા છે.ઉલ્લેખનીય છે કે, અમદાવાદ પીસીબીની ટીમે માધુપુરા સુમેળ બિઝનેસ પાર્ક-૬ની ઓફિસમાં દરોડા પાડીને ૨૦૦૦ કરોડના હવાલા, સટ્ટા, જુગાર, શેરબજારના ગેરકાયદે ટ્રેન્ડિંગનો પર્દાફાશ કર્યો હતો. આ પ્રકરણની તપાસ કરી રહેલા સ્ટેટ મોનિટરિંગ સેલના એસપી કેટી કામરિયાની ટીમે મુખ્ય સૂત્રાધાર નિલેષ રામીને હરિદ્વારથી ઝડપીને ૧૦ દિવસના રિમાન્ડ મેળવ્યા છે.અમદાવાદ પીસીબીની ટીમે માધુપુરાની ઓફિસમાં દરોડા પાડ્યા હતા. જેમાં જિતેન્દ્ર હીરાગર, સતિષ પરિહાર, અંકિત ગેહલોત, અને નિરવ પટેલ પકડાયો હતો. તપાસમાં એવું સામે આવ્યું હતુ કે, ઓફિસમાંથી હજારો કરોડનો ક્રિકેટ સટ્ટો રમાડવામાં આવ્યો છે અને કરોડો રૂપિયાના હવાલા પાડલામાં આવ્યા હતા. જેમાં ૧૮ બૂકીને વોન્ટેડ પણ જાહેર કરાયા હતા. આ કેસની તટસ્થ તપાસ થાય તે માટે એક એસઆઈટીની રચના કરવામાં આવી હતી.આ કેસમાં મુખ્ય સૂત્રાધાર હર્ષિત જૈનને પકડવા માટે પોલીસ તપાસ ચાલી રહી છે. આ દરમિયાન બાતમી મળી હતી કે, દુબઈ બેઠેલા બૂકીઓ પાસેથી ઓનલાઈન ક્રિકેટ સટ્ટા માટેની એપ્લિકેશનનું માસ્ટર આઈડી અને પાસવર્ડ લઈને ઓનલાઈન સટ્ટો રમાડતો નિલેષ રામી જે અમદાવાદના વસ્ત્રાલનો રહેવાસી છે તે હરિદ્વારની એક હોટલ-રિસોર્ટમાં વેકેશન માણી રહ્યો છે. જેથી વિજિલન્સની ટીમે ત્યાં રેડ કરીને તેને દબોચી લીધો હતો અને અમદાવાદ લઈ આવી હતી.મહત્વનું છે કે નિલેષ રામીના રિમાન્ડ મેળવ્યા બાદ પોલીસ હવે આખું નેટવર્ક કરી રીતે ચાલતું હતું તે દિશામાં પૂછપરછ હાથ ધરી છે. તેમજ નિલેષની સાથે કોણ અને કેટલા લોકો હતો તે સહિતની વિગતો મેળવવાનો પ્રયાસ પણ કરવામાં આવી રહ્યો છે. કારણ કે સટ્ટા-હવાલા કેસમાં મોટા માથાઓની સંડોવણીની પૂરેપૂરી શક્યતા હાલ સેવાઈ રહી છે.

# કેન્સરથી પીડિત દીકરા અને તેની માતાએ જીવન ટૂંકાવ્યું, ગોંડલમાં ત્રણ સભ્યોના પરિવારનો માળો વિખેરાઈ ગયો

રાજકોટઃ આત્મહત્યા એ કોઈપણ સમસ્યાનું સમાધાન ના હોઈ શકે. બીમારી હોય કે નોકરી-ધંધાની કે પારિવારિક કોઈ પણ સ્થિતિમાં નાસીપાસ થઈને જીવન ટૂંકાવવા જેવું પગલું ના ઉઠાવવું જોઈએ. દરેક મુસીબતમાંથી બહાર નીકળવાનો માર્ગ હોય છે, બસ એને શોધવાની જરૂર છે. છતાંય આપણી આસપાસ એવા કેટલાય કિસ્સા બનતા રહે છે જેમાં પરેશાનીઓથી કંટાળીને લોકો મોતને વહાલુ કરતાં હોય છે. આવો જ કિસ્સો રાજકોટના ગોંડલથી સામે આવ્યો છે. જ્યાં મા-દીકરાએ કથિત રીતે આપઘાત કરી લીધો છે.રાજકોટ જિલ્લાના ગોંડલમાં ૬૮ વર્ષીય મહિલા અને તેમના દીકરાએ શુક્રવારે સવારે જીવન ટૂંકાવ્યું હતું. મહિલાના દીકરાને કેન્સર હતું અને તેના કારણે બંને જણા ડિપ્રેશનમાં હતા. કેન્સરથી પરેશાન થઈને જ મા-દીકરાએ આ પગલું ભર્યું હોવાનું કહેવાઈ રહ્યું છે. પોલીસના જણાવ્યા અનુસાર, ગાયત્રીનગર વિસ્તારમાં રહેતા ૩૦ વર્ષીય મિરાજ પીઠવા અને તેમના માતા ભારતીબેને શુક્રવારે સવારે જીવન ટૂંકાવ્યું હતું.ભારતીબેનના પતિ વિનોદચંદ્રએ પોલીસને જણાવ્યું કે, તેમના રૂટિન પ્રમાણે, સવારે સૌએ આમળાનો રસ પીધો હતો. જે બાદ તેઓ લટાર મારવા માટે ધાબે ગયા હતા. જ્યારે તેઓ નીચે આવ્યા ત્યારે ભારતીબેન બેભાન અવસ્થામાં હતા અને તેમના મોંમાંથી ફીણ નીકળી રહ્યું હતું. જેથી તેમણે મદદ માટે મિરાજને બૂમ પાડી અને તે આવ્યો પરંતુ તે પણ આવતાંની સાથે જ ત્યાં ઢળી પડ્યો.પત્ની અને દીકરા બંનેને આમ ઢળી પડેલા જોઈને વિનોદચંદ્ર ગભરાઈ ગયા અને તેમણે પાડોશીઓને મદદ માટે બોલાવ્યા. તેઓ મા-દીકરાને હોસ્પિટલ લઈ ગયા હતા. મિરાજનું મોત સવારે ૧૦ કલાકે થયું હતું જ્યારે ભારતીબેનનું મોત સાંજે થયું હતું. પીઠવા પરિવાર છેલ્લા કેટલાય વર્ષોથી તાન્ઝાનિયાના દાર એસ સલામમાં રહેતા હતા. પરંતુ ૫ વર્ષ પહેલા જ તેઓ પોતાના વતન ગોંડલમાં શિફ્ટ થઈ ગયા હતા.દાર એસ સલામમાં ધોરણ ૧૨ સુધી મિરાજે અભ્યાસ કર્યો હતો તેમ પોલીસે જણાવ્યું. ×મિરાજ વધુ અભ્યાસ માટે પૂણે ગયો હતો પરંતુ તેને કેન્સર હોવાનું નિદાન થયું હતું. આ બીમારીના કારણે તે ડિપ્રેશનમાં સરી પડ્યો હતો અને તેની મમ્મી પણ હતાશ થઈ હતી. પ્રાથમિક દ્રષ્ટિએ તો મિરાજની માંદગી જ અંતિમ પગલાનું કારણ લાગી રહ્યું છે×, તેમ ગોંડલ સિટી પોલીસ સ્ટેશનના પોલીસે જણાવ્યું.

### બુટલેગર કા દિમાગ, પડોશી કા ડેરિંગ

# હવે અમદાવાદમાં દારૂ છુપાવવા કુખ્યાત બુટલેગર્સ ચૂકવી ભાડું રહ્યાં છે

(એ.આર.એલ),અમદાવાદ,તા.૧૩

દારૂબંધીના કડક કાયદાના અમલીકરણ બાદ પણ પોલીસના ડર વગર બુટલેગર બિનધાસ્ત દારૂનું વેચાણ કરી રહ્યા છે. અવનવી ટેકનિકનો ઉપયોગ કરીને બુટલેગર રાજ્યની બોર્ડર પરથી દારૂ લાવે છે અને પોતાના ઘરમાં નહીં, પરંતુ પરિચિત અને પાડોશીઓના મકાનમાં દારૂનો જથ્થો છુપાવે છે. કુબેરનગર અને સરદારનગર દારૂના ધંધા માટે પંકાયેલાં છે ત્યારે અહીં દેશી દારૂથી લઈ કોઈ પણ બ્રાન્ડનો દારૂ બિનધાસ્ત વેચાય અને પીવાય પણ છે. પોલીસ દારૂના અડ્ડાઓ સામે સખત કાર્યવાહી કરે તો પણ દારૂ વેચાય છે તેનું કારણ એટલું જ છે કે બુટલેગર્સે પોલીસની ધોંસથી બચવા માટે નવો ઉપાય શોધી લીધો છે. બુટલેગર્સ તેમના પરિચિત લોકોના મકાનમાં દારૂ છુપાવી રહ્યા છે, જેનું તે ઊંચું ભાડું પણ ચૂકવે છે. ગુનાખોરી સાથે કોઈ લેવા-દેવા ના હોય તેવી પરિ?ચિત વ્યક્તિઓ કે પાડોશીઓના ઘરમાં દારૂનો જથ્થો સંતાડવામાં આવે છે.

દારૂ પીવો હોય તો દારૂડિયાઓ માટે સૌથી સુરક્ષિત વિસ્તારોમાં કુબેરનગર ગણાય છે, પરંતુ હવે તેવું નથી રહ્યું, કારણ કે દારૂબંધીના કડક કાયદાના અમલીકરણ બાદ પોલીસે બુટલેગર્સ સામે પાસા જેવું શસ્ત્ર ઉગામ્યું છે. શહેરમાં સ્ટેટ મો?નિટરિંગ સેલ, ક્રાઈમ બ્રાંચ, પીસીબી, સ્થાનિક પોલીસ ઠેર ઠેર દારૂના અડ્ડા પર દરાડો પાડી રહ્યાં છે કુબેરનગર, સરદારનગરમાં મોટા ગજાના ૮૬ લિસ્ટેડ બુટલેગર્સ છે, જ્યારે ૨૦૦થી વધુ નાના નાના બુટલેગર છે.

પોલીસ પાસેથી મળેલી વિગત અનુસાર બુટલેગર્સ હવે પોલીસની કામ કરવાની પદ્ધતિ જાણી ગયા છે, જેના કારણે તે તેમના ઘરમાં કે ગુપ્ત ખાનું બનાવીને દારૂ છુપાવતા નથી. પોલીસની ધોંસથી બચવા અને દારૂનો જથ્થો પોલીસને મળે નહીં તે માટે બુટલેગર્સે અન્ય મકાનોમાં દારૂ છુપાવવાનું શરૂ કરી દીધું છે. કુબેરનગર અને સરદારનગર, નોબલનગરના રહીશો કે જેમના પર કોઈ ક્રિ?મિનલ કેસ નથી અને તેમને આર્થિક સંકડામણ પણ છે તેવા લોકોના ઘરમાં દારૂ છુપાવવાની તરકીબ અપનાવી લીધી છે.

ક્રાઈમ બ્રાંચે બે દિવસ પહેલાં નોબલનગર વિસ્તારમાં આવેલી વાલ્મીકિ આવાસ યોજનાના બંધ મકાનમાં છુપાવેલો દારૂનો જથ્થો ઝડપી પાડ્યો હતો. દારૂનો જથ્થો બુટલેગર શ્રવણ ઉર્ફે બ?લિયા ઠાકોરનો હતો, જે મકાન મા?લિકને દારૂ છુપાવવા માટેનું ભાડું આપતો હતો. ચાર મકાનમાંથી ક્રાઈમ બ્રાંચે ૫૩૦ દારૂ અને બિયરની બોટલ કબજે કરી છે. બંધ મકાનમાં દારૂ છુપાવવાનો પર્દાફાશ ક્રાઈમ બ્રાંચે કર્યો છે.

સૂત્રો પાસેથી મળેલી વિગત અનુસાર કુબેરનગર, સરદારનગર, નોબલનગરનાં ૧૦૦થી વધુ મકાનોમાં બુટલેગર દારૂ છુપાવવા માટે ભાડું ચૂકવી રહ્યા છે. દારૂની એક પેટીદીઠ ૧૦૦થી ૧૫૦ રૂપિયા રોજના આપીને બુટલેગર્સ સ્થાનિક રહીશોના ઘરમાં દારૂ છુપાવી રહ્યા છે. કોઇ રહીશે એક દિવસમાં ચાર કે પાંચ પેટી રાખી હોય તો તે રોજના એક હજારથી પંદરસો રૂપિયા કમાઈ જાય છે. બુટલેગર્સના કારણે રહીશો પણ મહિનામાં ૩૦થી ૩૫ હજાર જેટલું કમાઈ લે છે.

### મણિપુર હિંસામાં મૃતકોની સંખ્યા વધીને ૭૧ થઈ

# બળેલા ઘરોમાંથી વસ્તુઓ લેવા ગયેલા લોકો પર હુમલો થયો; ૧૦ દિવસ પછી પણ ઈન્ટરનેટ બંધ

(એ.આર.એલ),ઈમ્ફાલ,તા.૧૩

મણિપુરમાં ૩ મેથી શરૂ થયેલી કુકી-નાગા અને મેઈતેઈ સમુદાયો વચ્ચે હિંસા ફાટી નીકળ્યા બાદ મૃતકોની સંખ્યા વધીને ૭૧ થઈ ગઈ છે. આ માહિતી મણિપુર સરકારના સુરક્ષા સલાહકાર કુલદીપ સિંહે આપી હતી. તેમણે જણાવ્યું કે મણિપુરમાં હિંસા દરમિયાન ૨૩૦થી વધુ લોકો ઘાયલ થયા હતા અને ૧૭૦૦ ઘરો બળી ગયા હતા.

કુલદીપ સિંહે જણાવ્યું હતું કે ગુરુવારે મણિપુર કમાન્ડો અને ઉગ્રવાદીઓ વચ્ચે ફરી ગોળીબાર થયો હતો. જેમાં છ કમાન્ડો ઘાયલ થયા હતા. તેમાંથી એકનું મોત થયું હતું. આ સિવાય ચુરાચંદપુરમાં એક વાહનમાંથી ત્રણ ઉ્ઢ મજૂરો મૃત હાલતમાં મળી આવ્યા હતા. પરંતુ તેમના મૃત્યુનું કારણ જાણવા મળ્યું નથી.મજૂરોના મૃતદેહ ૩૦૦ મીટર ઊંડી ખાડીમાંથી મળી આવ્યા હતા. તેમનું મોત એક્સીડેન્ટમાં થયું છે કે કોઈએ તેમની હત્યા કરી છે તેમની તપાસ કરવામાં આવી રહી છે.

કુલદીપે જણાવ્યું કે ૧૧ લોકો તેમના બળેલા ઘરોમાંથી સામાન લેવા માટે બિષ્ણુપુર અને ચુરાચંદપુરની સરહદે આવેલા તોરબાંગ ગામમાં ગયા હતા. આ દરમિયાન આતંકવાદીઓએ તેમના પર હુમલો કર્યો હતો. આઠ ભાગ્યા અને બીએસએફ કેમ્પ પહોંચ્યા, જ્યારે ત્રણનો હજુ સુધી કોઈ પત્તો લાગ્યો નથી.આસામ રાઈફલ્સ, બીએસએફ અને સીઆરપીએફએ તેમના માટે સર્ચ ઓપરેશન શરૂ કર્યું હતું, પરંતુ તેઓ હજુ સુધી તેમને શોધી શક્યા નથી.

રાજ્યમાં હિંસા ફાટી નીકળ્યા બાદ ૩ મેના રોજ કર્ફ્યુ લાદવામાં આવ્યો હતો. આ સાથે અફવાઓ ફેલાવવા અને ફેક ન્યૂઝને રોકવા માટે ઈન્ટરનેટ અને મોબાઈલ ફોનના ઉપયોગ પર કડકાઈ લાદવામાં આવી છે. મેઈતેઈ સમુદાય મણિપુરની લગભગ ૩.૮ મિલિયન વસ્તીના અડધાથી વધુ ભાગમાં છે. ઈમ્ફાલ ખીણ, જે મણિપુરના લગભગ ૧૦% વિસ્તારને આવરી લે છે, તેમાં મેઈતેઈ સમુદાયનું વર્ચસ્વ છે. મણિપુર હાઈકોર્ટે રાજ્ય સરકારને મેઈતેઈ સમુદાયની માગ પર વિચાર કરવા અને ૪ મહિનામાં કેન્દ્રને ભલામણો મોકલવાનો નિર્દેશ આપ્યો છે. આ આદેશ બાદ ઓલ ટ્રાઈબલ સ્ટુડન્ટ્સ યુનિયન મણિપુરે ૩જી મેના રોજ મણિપુરમાં મેઈતેઈ માટે અનુસૂચિત જનજાતિના દરજ્જાની માંગણી સાથે રેલી કાઢી હતી. જે બાદમાં હિંસક બની હતી.

મેઈતેઈ સમુદાયના લોકો દલીલ કરે છે કે તેઓ ૧૯૪૯માં ભારતીય સંઘ સાથે વિલીનીકરણ પહેલા રજવાડામાં આદિજાતિનો દરજ્જો ધરાવતા હતા.

# તંત્રી લેખ

## સુપ્રીમનો નિર્ણય

મહારાષ્ટ્રમાં સત્તા પરિવર્તન મામલે લાંબી સુનાવણી બાદ સુપ્રીમ કોર્ટે જે ચુકાદો આપ્યો, તેની બંને પક્ષો ભલે ગમે તે વ્યાખ્યા કરે, આ ચુકાદાથી યથાસ્થિતિમાં કોઈ પરિવર્તન થવાનું નથી. આ ચુકાદાની એકનાથ શિંદ સરકાર પર કોઈ અસર નથી થવાની, તેથી તેનું અકાદમિક મહત્ત્વ જ છે. સુપ્રીમ કોર્ટ એ નિષ્કર્ષ પર પહોંચી કે મહારાષ્ટ્રના તત્કાલીન રાજ્યપાલ દ્વારા ત્યારના મુખ્યમંત્રી ઉદ્ઘવ ઠાકરેને બહુમત પરીક્ષણ માટે આદેશ આપવો યોગ્ય ન હતું. રાજ્યપાલના નિર્ણયને ખોટો ઠેરવાયા બાદ પણ સુપ્રીમ કોર્ટના નિર્ણયથી ઉદ્ઘવ ઠાકરેને એટલા માટે કોઈ રાહત ન મળી શકી, કારણ કે તેમણે બહુમત પરીક્ષણનો સામનો કરવાને બદલે રાજીનામું આપવાનું પસંદ કર્યું તું. તેમના રાજીનામા આપ્યા બાદ રાજ્યપાલે શિવસેનાના વિદ્રોહી નેતા એકનાથ શિંદેને મુખ્યમંત્રી પદના શપથ અપાવી દીધા હતા. સુપ્રીમ કોર્ટે રાજ્યપાલના આ ચુકાદાને સાચો માન્યો. સ્પષ્ટ છે કે ઉદ્ઘવ ઠાકરેને સુપ્રીમ કોર્ટના ફેંસલાથી કશું જ હાથ ન લાગ્યું. તેમણે રાજીનામું આપવાના પોતાના ફેંસલા પર અફસોસ અવશ્ય થશે, પરંતુ હવે કશું જ ન થઈ શકે. તેઓ પોતાની સ્થિતિ માટે પોતે જ જવાબદાર છે. તેમણે પોતાની સાથે જ પોતાના સલાહકારોને પણ દોષ આપવો જોઈએ. સુપ્રીમ કોર્ટનો નિષ્કર્ષ ભલે ગમે તે હોય, ઉદ્ઘવ ઠાકરેએ રાજીનામું આપીને એ જ ઉજાગર કર્યું હતું કે તેમની પાસે બહુમત નથી. સ્પષ્ટ છે કે જો રાજ્યપાલનો નિર્ણય ખોટો હતો તો મુખ્યમંત્રીનો પણ નિર્ણય ખોટો જ હતો.

સુપ્રીમ કોર્ટે પોતાના નિર્ણયમાં એ સ્પષ્ટ કર્યું કે માત્ર પાર્ટીની અંદર અસંતોષને કારણે રાજ્યપાલ દ્વારા સંબંધિત સરકારને એમ કહેવું યોગ્ય નથી કે વિશ્વાસ મત હાંસલ કરે. આ નિષ્કર્ષ બાદ એ નક્કી છે કે હવે કોઈપણ સત્તાધારી પક્ષ પોતાના તમામ ધારાસભ્યોના બળવા બાદ પણ સત્તા છોડવા માટે તૈયાર નહીં થાય. પ્રશ્ન એ છે કે એ સ્થિતિમાં શું થશે, જ્યારે કોઈ સત્તાધારી પક્ષના બે તૃતિયાંશ ધારાસભ્યો બળવો કરીને પોતાની જ સરકારને અલ્પમતમાં લાવી દે? સારું થાત કે સુપ્રીમ કોર્ટ દ્વારા એ પ્રશ્નનો જવાબ અપાયો હોત કે એવી સ્થિતિમાં રાજ્યપાલે શું કરવું? શું તેણે અલ્પમત સરકારને સત્તામાં ચાલુ રાખવા દેવી જોઈએ? સ્પષ્ટ છે કે સુપ્રીમ કોર્ટનો ચુકાદો કેટલાક સવાલોના જવાબ તો આપે છે, પરંતુ તે પોતે જ કેટલાક સવાલો પેદા કરે છે. એનું આશ્ચર્ય નહીં કે સુપ્રીમ કોર્ટના ચુકાદા બાદ ઉદ્ઘવ ઠાકરે નૈતિકતાના આધાર પર એકનાથ શિંદે પાસે નૈતિકતાની અપેક્ષા કરવાને બદલે એના પર વિચાર કરવો જોઈએ કે ખુદ તેમણે ભાજપ સાથે મળીને ચૂંટણી લડ્યા બાદ સત્તાની લાલચમાં આવી જઈ જેની સામે ચૂંટણી લડ્યા તે વિરોધ પક્ષોનો સાથ લઈને સરકાર બનાવી લેવી કેટલું નૈતિક કાર્ય હતું?

## રાજ્યમાં લેવાયેલી ટેટ-૧નું ચિંતાજનક પરિણામ, ૧૦૦માંથી ૪ ઉમેદવાર જ ક્વોલિફાય થયા!

(એ.આર.એલ),અમદાવાદ,તા.૧૩

રાજ્ય પરીક્ષા બોર્ડ દ્વારા ગત એપ્રિલ મહિનામાં લેવાયેલી ટેટ ૧નું પરિણામ જાહેર થયું છે. પરંતુ આ પરિણામે ભાવી પ્રાયમરી શિક્ષકોની ચિંતા વધારી છે. કારણ કે ટેટ ૧નું માત્ર ૩.૭૮ ટકા પરિણામ જાહેર થયું છે. એટલે કે ૧૦૦ ઉમેદવારોમાંથી માત્ર ૪ ઉમેદવારો જ ટેટ ૧ની પરીક્ષામાં ક્વોલિફાય થઈ શક્યા છે. ધોરણ ૧થી ૫માં પ્રાયમરી શિક્ષકોની ભરતી માટે રાજ્ય પરીક્ષા બોર્ડ દ્વારા ગત એપ્રિલ મહિનામા ટેટ-૧ની પરીક્ષા લેવાઈ હતી. જેનું પરિણામ માત્ર ૩.૭૮ ટકા પરિણામ જાહેર થયું છે. છેલ્લે વર્ષ ૨૦૧૮માં ટેટ ૧ની પરીક્ષા યોજાઈ હતી, જેનું પરિણામ ૮.૫ ટકા જેટલું આવ્યું હતું. એટલે કે પાંચ વર્ષ બાદ ટેટ ૧ની લેવાયેલી પરીક્ષાનું પરિણામ ૬૦ ટકા જેટલું ઘટ્યું છે. વર્ષ ૨૦૧૩માં ૧૬ ટકા જેટલું TET 1નું પરિણામ આવ્યું હતું. જે ૧૦ વર્ષ બાદ પરિણામ ગગડીને માત્ર ૩.૭૮ ટકા પર પહોંચ્યું છે. ગુજરાતી, અંગ્રેજી અને હિન્દી માધ્યમમાં ટેટ ૧ની પરીક્ષા લેવાઈ હતી. જેમાં ગુજરાતી માધ્યમનું પરિણામ માત્ર ૩.૭૯ ટકા જાહેર થયું છે. ગુજરાતી માધ્યમમાં ૮૩,૩૮૬ ઉમેદવારોમાંથી ૭૧,૧૧૯ ઉમેદવારોએ ટેટ૧ આપી હતી, જેમાંથી માત્ર ૨,૬૯૭ ઉમેદવારો ક્વોલિફાય થયા છે. અંગ્રેજી માધ્યમનું પરિણામ માત્ર ૩.૪૫ ટકા જાહેર થયું છે. જેમાં ૧,૩૫૨ ઉમેદવારોમાંથી ૧,૦૭૧ ઉમેદવારોએ આપી હતી ટેટ ૧, જેમાંથી માત્ર ૩૭ ઉમેદવારો ક્વોલિફાય થયા છે. હિન્દી માધ્યમનું પરિણામ માત્ર ૩.૨૪ ટકા જાહેર થયું છે. જેમાં ૧,૩૩૭ ઉમેદવારોમાંથી ૧,૦૮૧ ઉમેદવારોએ આપી હતી ટેટ ૧, જેમાંથી માત્ર ૩૫ ઉમેદવારો ક્વોલિફાય થયા છે. સામાન્ય રીતે દરવર્ષે લેવાતી ટેટ૧ની પરીક્ષા ભરતી પ્રક્રિયા ના થતી હોવાને કારણે પાંચ વર્ષે લેવાઈ હતી. રાજ્ય પરીક્ષા બોર્ડના ચેરમેન પી.કે. ત્રિવેદીએ કહ્યું કે, હવે દરવર્ષે ટેટ ૧ની પરીક્ષાનું આયોજન થશે. આ ગુણાંક સાથેનું પ્રમાણપત્ર સ્પીડ પોસ્ટ મારફતે ઉમેદવારોના રહેઠાણ પર મોકલવામાં આવશે. મહત્વનું છે કે ટેટ ૧ની પરીક્ષાના પરિણામથી ઉમેદવારોમાં નિરાશા વ્યાપી છે.

## મા

### મનુષ્ય સૃષ્ટિ નું પ્રવેશદ્વાર એટલે માની કોખ્..



પૃથ્વી ઉપર કોઈપણ મનુષ્ય સ્ત્રી કે પુરુષ તરીકે જન્મ ધારણ કરતા માતૃ સ્તન માં પોષણ સાથેની જગતપિતા ની કુદરતી વ્યવસ્થા એકધારી ચાલી આવે છે...જેનું ઋણ સંતાનો તેમના જીવન કાળ દરમિયાન પોતે માતા બને ત્યારે નો અહેસાસ.અનુભવ ને વંશજો રૂપી પેઢીઓ ની પેઢીઓ સંસ્મરણો સુધી વટવૃક્ષ બની રહી છે.. તેમ છતાં કઈક નવું કરવા.બતાવવા ટેવાયેલ માણસ આધુનિક બદલાતા સ્વભાવગત માતૃત્વ સાથે ચેંડા કરતો પણ જોવા મળે છે અને અવનવા અછાજતા સમાજિક કિસ્સાઓ પણ માતા પુત્ર. માતા પુત્રી.સાસુ વહુ ના ચિત્ર.વિચિત્ર સ્વતંત્ર સ્વચ્છંદતા ભર્યું જીવન ગાળતા લોકોમાં જોવા મળે છે... મા તે મા,માતૃત્વના હયાતી અને ગેરહાજરીની,ખોટથી મોટો કોઈ ખોટ આસ્વાદ.સ્પંદન.સંવેદના હોઈ ના શકે...અસંખ્ય કલમો મા વિષયક ઘણુંબધું લખી ગઈ અને અનુભવે હજુ પણ મા વિષયક ઈતિહાસ રોજે રોજ બનતી જતી સમાજિક ઘટનાઓ ના અનુભવે લખાતી રહે છે અને લખાતી રહેશે...પ્રત્યેક કલમ વીર માટે મા ની હાજરી અને ગેર હાજરી ના જીવન કાળ દરમિયાન અનુભવો શબ્દો થકી પીરસાય અને ભાવિ પેઢીને માતૃત્વ સમજી મા ની મર્યાદા. સાત્વિક રૂઢિ ચુસ્તતા જળવાઈ રહે તે જ અભ્યર્થના....વિશ્વની જનેતાઓ ને ૧૪ મે વિશ્વ માતૃ દિવસે નમન.... **-પ્રદીપ રાવલ**

# કર્ણાટક વિધાનસભાની ચુંટણીમાં કોંગ્રેસે વિરોધીઓના સૂપડાં સાફ કર્યા

(એ.આર.એલ),બેંગ્લુરૂ,તા.૧૩

લગભગ પાંચ મહિનાના ચૂંટણી શોર બાદ કર્ણાટકે ૧૦મી મેના રોજ પોતાના આગામી પાંચ વર્ષનું ભવિષ્ય નક્કી કરી નાખ્યું છે. ૧૦મી મેના રોજ કર્ણાટકમાં ૨૨૪ બેઠકો માટે મતદાન થયું હતું. આ ચુંટણીના પરિણામ આજે જાહેર કરવામાં આવ્યા હતાં સવારે ૮ વાગ્યાથી મતગણતરી શરૂ થઈ હતી જેમાં કોંગ્રેસને સ્પષ્ટ બહુમતિ મળી છે અને ભાજપનો પરાજય થયો છે. પરિણામ બાદ કર્ણાટકના પૂર્વ મુખ્યમંત્રી અને કોંગ્રેસના દિગ્ગજ નેતા સિદ્ધારમૈયાએ કહ્યું કે આ ચૂંટણીનું પરિણામ લોકસભા ચૂંટણીની એક સીડી છે. મને આશા છે કે તમામ બિન ભાજપ પક્ષો એક સાથે આવશે. મને આશા છે કે રાહુલ ગાંધી દેશના પીએમ બની શકે છે. કર્ણાટકમાં જીત મળતા કોંગ્રેસના નેતા ડી કે શિવકુમાર રડી પડ્યા. તેમણે કહ્યું કે અમે ભ્રષ્ટાચારને હરાવ્યો, જનતાએ અમારા પર ભરોસો વ્યક્ત કર્યો. કર્ણાટક કોંગ્રેસ પ્રમુખ ડી કે શિવકુમારે પરિણામો પર નિવેદન આપતા કહ્યું કે હું અમારા કાર્યકરો અને અમારી પાર્ટીના નેતાઓને શ્રેય આપું છું જેમણે આટલી મહેનત કરી. લોકોએ જૂઠનો પર્દાફાશ કર્યો છે. મે રાહુલ ગાંધી, સોનિયા ગાંધી અને પ્રિયંકા ગાંધીને આશ્વાસન આપ્યું હતું. જ્યારે સોનિયા ગાંધી મને જેલમાં મળવા આવ્યા હતા. ત્યારે મે પદ પર રહેવાની જગ્યાએ જેલમાં રહેવાનું પસંદ કર્યું હતું, પાર્ટીને મારા પર એટલો ભરોસો હતો. એ હું ભૂલી શકું નહીં. કોંગ્રેસના નેતા હરિપ્રસાદ બી કેએ કહ્યું કે નડ્ડાએ કહ્યું કે ભાજપને મત ન આપ્યો તો કોઈ કેન્દ્રીય કાર્યક્રમ નહીં મળે. કેન્દ્રીય કાર્યક્રમ માટે અમે ટેક્સ આપીએ છીએ. ટેક્સના મામલે અમારું રાજ્ય ત્રીજા નંબરે છે. અમે યુપી, બિહાર નથી. પરિણામો પર કેન્દ્રીય મંત્રી શોભા કરંદલાજે કહ્યું કે લોકતંત્રમાં હાર જીત મોટી વાત નથી. અમે અમારી હાર સ્વીકારી છે. અમે વિપક્ષ તરીકે લડીશું અને અમારો લક્ષ્ય છે કે ૨૦૨૪માં લોકસભા ચૂંટણીમાં અમે તમામ બેઠકો જીતીએ. કર્ણાટક ચૂંટણીના પરિણામોમાં કોંગ્રેસે બહુમત મેળવી છે. ત્યારે કોંગ્રેસના કાર્યકરોએ હાવેરીમાં કર્ણાટકના મુખ્યમંત્રી બસવરાજ બોમ્મઈના કાફલાની સામે જ ઉજવણી કરી.

કર્ણાટક વિધાનસભાની ૨૨૪ બેઠકોમાંથી કોંગ્રેસને ૧૩૭ બેઠકો મળી છે જયારે ભાજપને ૬૨ બેઠકો મળી છે.જયારે જેડીએસને ૨૧ બેઠકો મળી છે કર્ણાટકમાં બહુમતી મળતા જ કોંગ્રેસ પક્ષે તેના નવા ચુંટાયેલા ધારાસભ્યોની બેઠક આવતીકાલે બપોરે ૧૨ વાગ્યે નિશ્ચિત કરી છે જેમાં પક્ષના વિધાનસભા દળના નેતા ચુંટી કઢાશે. બહુમતી સાથે જ કોંગ્રેસમાં મુખ્યમંત્રી પદ માટેની રેસ પણ શરુ થઈ ગઈ છે અને પુર્વ મુખ્યમંત્રી સિદ્ધરમૈયા એ પોતાની દાવેદારી નોંધાવી છે જયારે આ વિજયમાં મહત્વની ભૂમિકા ભજવનાર પ્રદેશ પ્રમુખ ડી.કે.શિવકુમારને પણ પક્ષનું મોવડીમંડળ પસંદગી કરે

તેવી શકયતા નકારાતી નથી અને તેથી જ હવે મુખ્યમંત્રી પદ માટે સસ્પેન્સ શરુ થઈ ગયું છે. આવતીકાલની બેઠકમાં હવે નવા નેતા ચુંટાય છે કે પછી કોંગ્રેસ મોવડીમંડળને સતા આપતો ઠરાવ પસાર કરાય છે તેના પર સૌની નજર છે. સૂત્રોના જણાવ્યા મુજબ કોંગ્રેસ પ્રમુખ મલ્લિકાર્જુન ખડગે પણ એકશનમાં આવી ગયા છે અને કર્ણાટકની જીતમાં જે રીતે તેઓની ભૂમિકા હતી તેથી નવા મુખ્યમંત્રીપદની પસંદગીમાં તેમનો અવાજ મહત્વનો બની રહેશે તેવી શકયતા નકારાતી નથી.કોંગ્રેસે કોંગ્રેસના ધારાસભ્યોને બેંગ્લોરમાં બોલાવ્યા છે જેથી કરીને ભાજપ કોઇ પણ ખરીદ વેચાણ કરી શકે નહીં સૂત્રોના જણાવ્યા અનુસાર, કોંગ્રેસે કર્ણાટકમાં અઢી વર્ષ માટે બે મુખ્યમંત્રી બનાવવાની ફોર્મ્યુલા તૈયાર કરી છે. એવું કહેવામાં આવી રહ્યું છે કે સિદ્ધારમૈયા પહેલા અઢી વર્ષ માટે મુખ્યમંત્રી બનશે અને પછી ડીકે શિવકુમારને અઢી વર્ષ માટે મુખ્યમંત્રી બનાવવામાં આવશે.

કર્ણાટક વિધાનસભા ચૂંટણીમાં કોંગ્રેસ માટે ફરી એક વખત વર્તમાન પ્રદેશ પ્રમુખ ડી.કે.શિવકુમાર સંકટમોચન પુરવાર થયા હતા. ૨૦૧૭ની ગુજરાતની ચૂંટણીમાં પણ જે રીતે કોંગ્રેસને ૯૯ બેઠકો મળી તે સમયે પણ ડી.કે.શિવકુમારની ભૂમિકા મહત્વની રહી હતી.

કર્ણાટકમાં સૌથી ધનિક રાજકીય નેતા તરીકે ઓળખાતા ડી.કે.શિવકુમાર ખુદ બેંગ્લોરમાં રીસોર્ટ ધરાવે છે અને વોકાલિંગા જાતિ સાથે સંકળાયેલા છે અને આ ચૂંટણીમાં જયારે લીંગાયત અને વોકાલિંગા બંને સમુદાયના મત પર ભાજપ સૌથી વધુ બેઠક મેળવવાની ગણતરી રાખતો હતો તેમાં શિવકુમારે મોટુ ગાબડુ પાડી દીધુ છે. કર્ણાટકના રાજકારણમાં છેલ્લા ૪ દસકાથી સક્રિય શિવકુમાર પાછળ ઈડીને લગાવી દીધી હતી અને તેમની સામે અનેક કેસ કર્યા છે અને ડી.કે.શિવકુમારને જેલમાં પણ જવું પડયું હતું તેમ છતાં તેઓએ પોતાની વફાદારી બદલી નથી અને કોંગ્રેસ પક્ષના સંકટમોચન તરીકે જાણીતા છે. ગુજરાતની ચૂંટણીમાં જયારે અહમદ પટેલ જયારે રાજયસભા ચૂંટણી લડી રહ્યા હતા ત્યારે ભાજપે કોંગ્રેસનો ગઢ તોડવા અનેક ધારાસભ્યોને લલચાવ્યા હતા તે સમયે શિવકુમારે કોંગ્રેસના ૪૪ ધારાસભ્યોને બેંગ્લોરમાં પોતાના રીસોર્ટમાં સાચવ્યા હતા અને અહમદ પટેલ એક મતે જીત્યા તેમાં ડી.કે.શિવકુમારની ભૂમિકા મહત્વની બની રહી હતી.

કર્ણાટકમાં મુખ્યમંત્રી પદના દાવેદાર તરીકે તેઓ છે તો તેમને તક મળશે કે સિધ્ધરમૈયા આ ખુરશી આંચકી જશે તેના પર નજર છે. સિધ્ધરમૈયાને મુખ્યમંત્રી બનાવાય તો ડી.કે.શિવકુમાર નાયબ મુખ્યમંત્રી બની શકે છે અને તેઓ આગામી બે થી અઢી વર્ષમાં ફરી એક વખત સીએમ બનવા માટે પ્રયત્ન કરશે.

કર્ણાટક ચૂંટણી પરિણામો પર છત્તીસગઢના મુખ્યમંત્રી ભૂપેશ બઘેલે કહ્યું કે કર્ણાટકના પરિણામો બિલકુલ આશા મુજબ છે. મોદીજીએ પોતાની જાતને આગળ ધરીને મત માંગ્યા હતા તો આ મોદીજીની હાર છે. બજરંગબલીની ગદા ભ્રષ્ટાચારીઓના માથે પડી અને ભાજપ સરકાર ત્યાંથી જ પતી ગઈ. કોંગ્રેસના નેતા પવન ખેડાએ કહ્યું કે જનતાએ ભાજપને સંદેશ આપ્યો છે કે હવે ભારતને વહેંચવાની કોશિશ ન કરો.

રાજસ્થાનના સીએમ અશોક ગેહલોતે કહ્યું કે રાહુલ ગાંધીની ભારત જોડો યાત્રા દરમિયાન કર્ણાટકમાં જે માહોલ જોવા મળ્યો હતો આજે તેની અસર કર્ણાટક ચૂંટણી પરિણામમાં સ્પષ્ટ રીતે જોવા મળી રહી છે. યુપીએ ચેરપર્સન સોનિયા ગાંધી, કોંગ્રેસ અધ્યક્ષ મલ્લિકાર્જૂન ખડગે, રાહુલ ગાંધી અને પ્રિયંકા ગાંધીના નેતૃત્વમાં કોંગ્રેસ નેતાઓએ શાનદાર કેમ્પેઈન કર્યું. કર્ણાટકે સાંપ્રદાયિક રાજકારણને નકારીને વિકાસની રાજનીતિને પસંદ કરી છે. આવનારા રાજસ્થાન, મધ્ય પ્રદેશ, છત્તીસગઢ અને તેલંગણા વિધાનસભા ચૂંટણીમાં પણ તેનું પુનરાવર્તન થશે. કોંગ્રેસના દિગ્ગજ નેતા કમલનાથે કર્ણાટક ચૂંટણી વિશે નિવેદન આપતા કહ્યું કે કર્ણાટકમાં કોંગ્રેસની સરકાર બનશે. ભાજપ વિધાયકોને ખરીદવાની કોશિશ કરશે. કોંગ્રેસ મહાસચિવ પ્રિયંકા ગાંધી વાડ્રાએ શિમલાના જાખુ મંદિરમાં પૂજા અર્ચના કરી

## કર્ણાટકમાં ભાજપની હારના ૬ મુખ્ય કારણો

# મજબૂત ચહેરાની ગેરહાજરીથી લઈ ભ્રષ્ટાચારનો મુદ્દો ભાજપને ભારે પડ્યો

(એ.આર.એલ),બેંગ્લુરૂ,તા.૧૩

કર્ણાટકમાં કોંગ્રેસે પૂર્ણ બહુમતી પ્રાપ્ત કરી છે અને ભાજપને આકરી હારનો સામનો કરવો પડ્યો છે.. ભાજપની આ હાર સાથે હારના કારણોની ચર્ચા પણ શરૂ થઈ ગઈ છે. કર્ણાટકમાં ભાજપની શરમજનક હાર પાછળ એક મજબૂત ચહેરાનો અભાવ અને રાજકીય સમીકરણોનું સંચાલન કરવામાં નિષ્ફળતા મુખ્ય કારણો માનવામાં આવે છે.ભાજપની હારના જે મુખ્ય કારણો માનવામાં આવે છે તે નીચે મુજબ છે

કર્ણાટકમાં ભાજપની હારનું સૌથી મોટું કારણ મજબૂત ચહેરાની ગેરહાજરી છે. ભાજપે યેદિયુરપ્પાની જગ્યાએ બસવરાજ બોમાઈને મુખ્યમંત્રી બનાવ્યા હતા, પરંતુ બોમાઈ સીએમની ખુરશી પર હોવા છતાં કોઈ ખાસ અસર કરી શક્યા નથી. જયારે કોંગ્રેસ પાસે ડીકે શિવકુમાર અને સિદ્ધારમૈયા જેવા મજબૂત ચહેરા હતા. બોમ્માઈને આગળ કરવા માટે ભાજપને મોંઘી કિંમત ચૂકવવી પડી.

ભાજપની હાર પાછળનું મુખ્ય કારણ ભ્રષ્ટાચારનો મુદ્દો હતો. કોંગ્રેસે શરૂઆતથી જ ભાજપ સામે '૪૦ ટકા પગાર-મુખ્યમંત્રી ભ્રષ્ટાચાર'નો એજન્ડા સેટ કર્યો અને તે ધીરે ધીરે મોટો મુદ્દો બની ગયો. ભ્રષ્ટાચારના મુદ્દે એસ ઈશ્વરપ્પાએ મંત્રી પદેથી રાજીનામું આપવું પડ્યું હતું અને ભાજપના ધારાસભ્યને જેલમાં જવું પડ્યું હતું. સ્ટેટ કોન્ટ્રાક્ટર એસોસિએશને પીએમને ફરિયાદ પણ કરી હતી. ચૂંટણીમાં ભ્રષ્ટાચારનો મુદ્દો ભાજપ માટે ગળાની ફાંસ બની રહ્યો અને પક્ષ તેનો ઉકેલ શોધી શક્યો નહીં.

ભાજપ કર્ણાટકનું રાજકીય સમીકરણ પણ જાળવી શક્યું નથી. ભાજપ ન તો તેની કોર વોટ બેંક લિંગાયત સમુદાયને પોતાની સાથે રાખી શકી કે ન તો તે દલિત, આદિવાસી, ઓબીસી અને વોક્કાલિંગા સમુદાયોના દિલ જીતી શકી. બીજી તરફ, કોંગ્રેસ મુસ્લિમો, દલિતો અને ઓબીસીને મજબૂત રીતે જોડવામાં તેમજ લિંગાયત સમુદાયની વોટ બેંકમાં પ્રવેશ કરવામાં સફળ રહી છે.

કર્ણાટકમાં ભાજપના નેતાઓ એક વર્ષ સુધી હલાલા, હિજાબથી લઈને અઝાન સુધીના મુદ્દા ઉઠાવતા રહ્યા. ગત ચૂંટણી સમયે બજરંગબલીનો પણ પ્રવેશ થયો હતો, પરંતુ આ પ્રયાસો ભાજપ માટે કામમાં આવ્યા ન હતા. જ્યારે કોંગ્રેસે બજરંગ દળ પર પ્રતિબંધ મૂકવાનો વાયદો કર્યો ત્યારે ભાજપે બજરંગ દળને બજરંગ બલી સાથે સીધો જોડી દીધો અને સમગ્ર મામલાને ભગવાનનું અપમાન ગણાવ્યો. ભાજપે જોરદાર રીતે હિંદુત્વનું કાર્ડ રમ્યું, પરંતુ આ દાવ પણ કામમાં આવ્યો નહીં.

કર્ણાટકમાં બીજેપીના નિર્માણમાં મહત્વની ભૂમિકા ભજવનાર પૂર્વ મુખ્યમંત્રી બીએસ યેદિયુરપ્પા આ ચૂંટણીમાં સાઈડલાઈન રહ્યા. પૂર્વ મુખ્યમંત્રી જગદીશ શેટ્ટર અને પૂર્વ ડેપ્યુટી સીએમ લક્ષ્મણ સાવડીને ભાજપે ટિકિટ નકારી હતી, જ્યારે બંને નેતાઓ કોંગ્રેસમાં જોડાયા હતા અને મેદાનમાં ઉતર્યા હતા. યેદિયુરપ્પા, શેટ્ટર, સાવડી, ત્રણેયને લિંગાયત સમુદાયના મોટા નેતાઓ માનવામાં આવે છે, જેમની અવગણના કરવી ભાજપને મોંઘી પડી.

કર્ણાટકમાં ભાજપની હારનું મુખ્ય કારણ સત્તા વિરોધી લહેરનો કાઉન્ટર શોધવામાં અસમર્થતા પણ છે. ભાજપ સત્તામાં હોવાથી તેની સામે લોકોમાં રોષ જોવા મળ્યો હતો. ભાજપ સામે સત્તા વિરોધી લહેર પ્રવર્તી રહી હતી, જેમાં ભાજપ તેનો સામનો કરવામાં સંપૂર્ણપણે નિષ્ફળ રહ્યો

## કર્ણાટકમાં કોંગ્રેસની સરકાર રચવાની સાથે જ દેશના ચાર રાજયમાં કોંગ્રેસની સરકાર

(એ.આર.એલ),નવીદિલ્હી,તા.૧૩

કર્ણાટક વિધાનસભા ચૂંટણીના કોંગ્રેસની જીત સંજીવની સાબિત થઈ છે. સતત હારનો સામનો કરી રહેલી કોંગ્રેસ માટે આ એક ટર્નીંગ પોઈન્ટ બન્યો છે. જેમાં કર્ણાટકમાં કોંગ્રેસની સરકાર રચવાની સાથે જ દેશના ચાર રાજયમાં કોંગ્રેસની સરકાર હશે. હાલ દેશમાં હિમાચલ પ્રદેશ, છત્તીસગઢ અને રાજસ્થાનમાં કોંગ્રેસની સરકાર છે. જો કે કર્ણાટકમાં સરકાર બનતા કોંગ્રેસને લોકસભા ચૂંટણી પૂર્વે સફળતા મળી છે. જેના પગલે આગામી સમયમાં યોજાનારી અન્ય રાજયની વિધાનસભા ચૂંટણીમાં પણ કોંગ્રેસ જોરશોરથી તેનો ફાયદો ઉઠાવશે. આ ઉપરાંત છેલ્લા ૧૦ વર્ષમાં એક પછી એક કોંગ્રેસની સરકાર ઘણા રાજયોમાં ખતમ થઈ ગઈ છે. તેમાં પણ આ વર્ષે જ છત્તીસગઢ અને રાજસ્થાનમાં ચૂંટણી યોજાવાની છે, જ્યાં પાર્ટીની સ્થિતિ એટલી સારી માનવામાં આવતી નથી. સતત હારના કારણે કોંગ્રેસનો જનઆધાર ઘટ્યો છે.કાર્યકરો અને સમર્થકોમાં નિરાશાનું વાતાવરણ છે. આ દરમિયાન ઘણા મોટા નેતાઓ પાર્ટી છોડી ચૂક્યા છે. જ્યારે અન્ય રાજયોમાં કોંગ્રેસના અંતિરક વિખવાદ પણ જોવા મળી રહ્યો છે. જ્યારે રાજકારણમાં કોંગ્રેસ માટે છેલ્લો દાયકા ખૂબ જ ખરાબ રહ્યો છે. આ દરમિયાન કોંગ્રેસે ચૂંટણીમાં સતત હારનો સામનો કરી રહી છે. વર્ષ ૨૦૧૪ અને ૨૦૧૯ની લોકસભા ચૂંટણીમાં કોંગ્રેસનું પ્રદર્શન ખૂબ જ ખરાબ રહ્યું છે. તેની સાથે હિમાચલ અને રાજસ્થાનને છોડીને ઘણા રાજ્યોમાં કોંગ્રેસે હારનો સામનો કરવો પડ્યો છે. આ ૧૦ વર્ષમાં બે વખત ૨૦૧૪ અને ૨૦૧૯માં લોકસભાની ચૂંટણી યોજાઈ હતી. બંને વખત કોંગ્રેસનું પ્રદર્શન ખૂબ જ ખરાબ રહ્યું હતું. ૨૦૧૪ની લોકસભા ચૂંટણીમાં કોંગ્રેસે તેનું અત્યાર સુધીનું સૌથી ખરાબ પ્રદર્શન કર્યું હતું. તેને માત્ર ૪૪ સીટો મળી શકી હતી. કોંગ્રેસનો વોટ શેર પણ પહેલીવાર ૨૦ ટકાથી નીચે ગયો. કોંગ્રેસ લોકસભામાં મુખ્ય વિરોધ પક્ષનો દરજ્જો હાંસલ કરવા માટે પૂરતી બેઠકો પણ મેળવી શકી નથી. અને ૨૦૧૯માં પણ કોંગ્રેસના પ્રદર્શનમાં કોઈ ખાસ સુધારો થયો ન હતો અને તે માત્ર ૫૨ બેઠકો મેળવી શકી હતી. તેને પોતાનો વોટ શેર વધારવામાં પણ સફળતા મળી નથી.

## ચૂંટણીમાં પીએમ મોદીને આગળ રાખીને વોટ માંગવામાં આવ્યા હતા : આ મોદીની હાર છે

(એ.આર.એલ),નવીદિલ્હી,તા.૧૩

કર્ણાટક વિધાનસભા ચૂંટણીમાં કોંગ્રેસનો વિજય થયો છે અને ભાજપનો પરાજય થયો છે કોંગ્રેસની જીત બાદ કોંગ્રેસના રાજનેતાઓએ વિવિધ પ્રતિક્રિયા આપી છે. કર્ણાટકમાં કોંગ્રેસ જીત બાદ છત્તીસગઢના મુખ્યમંત્રી ભૂપેશ બઘેલે રાયપુરમાં મીઠાઈ વહેંચી હતી. તેમણે કહ્યું હતું કે આ ચૂંટણીમાં પીએમ મોદીને આગળ રાખીને વોટ માંગવામાં આવ્યા હતા. આ મોદીની હાર છે. ભ્રષ્ટાચારીઓના માથા પર બજરંગ બલિની ગદા પડી. કોંગ્રેસ નેતા સિદ્ધારમૈયાએ કહ્યું કે મેં પહેલા જ કહ્યું હતું કે જો મોદી પણ આવી જશે તો પણ કંઈ નહીં થાય. જુઓ આ થયું. રાજસ્થાનના સીએમ અશોક ગેહલોતે ટ્વીટ કરીને કહ્યું કે, રાહુલ ગાંધીની ભારત જોડો યાત્રા દરમિયાન કર્ણાટકમાં જે માહોલ જોવા મળ્યો હતો આજે તેનું પરિણામ કર્ણાટકના ચૂંટણીમાં સ્પષ્ટ દેખાઈ રહ્યું છે. યુપીએ ચેરપર્સન સોનિયા ગાંધી, કોંગ્રેસ અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગે, રાહુલ ગાંધી અને પ્રિયંકા ગાંધીના નેતૃત્વમાં કોંગ્રેસના નેતાઓએ જોરદાર પ્રચાર કર્યો હતો. કર્ણાટકે સાંપ્રદાયિક રાજનીતિને ફગાવીને વિકાસની રાજનીતિ પસંદ કરી છે. આગામી રાજસ્થાન, મધ્યપ્રદેશ, છત્તીસગઢ અને તેલંગાણા વિધાનસભાની ચૂંટણીમાં પણ તેનું પુનરાવર્તન થશે.

કોંગ્રેસ દ્વારા તેના સત્તાવાર ટ્વિટર એકાઉન્ટ પર આ જીતના સંકેતો વચ્ચે એક વીડિયો શેર કરવામાં આવ્યો છે. આ વીડિયો રાહુલ ગાંધી સંબંધિત છે જેમાં કેપ્શન આપવામાં આવ્યું છે કે આઈ એમ ઈન્વિન્સિબલ, આઈ એમ સો કોન્ફિડેન્ટ, આઈ એમ અનસ્ટોપેબલ ટુડે. જયારે પ્રિયંકા ગાંધીની પણ તસવીરો શેર કરાઈ હતી જે શિમલામાં હનુમાન મંદિરની મુલાકાતે પહોંચ્યા હતા. અહીં તેમણે પૂજા-અર્ચના પણ કરી હતી અને દેશમાં સુખ-શાંતિ અને સમૃદ્ધિ આવે તેવી પ્રાર્થના કરી હતી.શિવસેનાના રાજ્યસભા સભ્ય સંજય રાઉતે મોટું નિવેદન આપ્યું છે અને કહ્યું કે, બજરંગબલીની ગદા ભારતીય જનતા પાર્ટીના માથા પર પડી છે.સંજય રાઉતે વધુમાં કહ્યું કે, કર્ણાટકમાં કોંગ્રેસની જીત એ મોદી અને અમિત શાહની હાર છે. કર્ણાટકમાં જે થયું છે તે જ ૨૦૨૪ની લોકસભા ચૂંટણીમાં પણ થશે. તેમણે કહ્યું કે, કર્ણાટકની ચૂંટણીને પ્રતિષ્ઠાની ચૂંટણી બનાવવામાં આવી હતી પરંતુ જયારે તેમને લાગ્યું કે, તેઓ હારી રહ્યા છે ત્યારે તેમના દ્વારા બજરંગબલીને આગળ કરવામાં આવ્યા. બિહારના નાયબ મુખ્ય પ્રધાન તેજસ્વી યાદવે કર્ણાટક વિધાનસભા ચૂંટણી પર કટાક્ષ કરતા કહ્યું કે ભગવાન બજરંગ બલી ભાજપથી ખૂબ નારાજ છે. તેજસ્વી દેખીતી રીતે કોંગ્રેસે કર્ણાટક માટે તેના ચૂંટણી ઢંઢેરામાં, ઉગ્રવાદી સંગઠનો પર કાર્યવાહી કરવાનું વચન આપ્યા પછી ફાટી નીકળેલા વિવાદનો ઉલ્લેખ કરી રહ્યા હતા.

## અમે નફરતને પ્રેમથી હરાવી : રાહુલ ગાંધી

(એ.આર.એલ),નવીદિલ્હી,તા.૧૩

કર્ણાટકમાં કોંગ્રેસની જીત પર રાહુલ ગાંધીએ કહ્યું કે હું કર્ણાટકની જનતાને જીત માટે અભિનંદન આપું છું. રાહુલે કહ્યું કે અમે પ્રેમથી નફરતને હરાવી. કર્ણાટકમાં નફરતનું બજાર બંધ, પ્રેમની દુકાન ખુલી. અમે કર્ણાટકની જનતાને ૫ વચનો આપ્યા હતા, અમે પ્રથમ કેબિનેટમાં પહેલા દિવસે આ વચનો પૂરા કરીશુ. રાહુલે કહ્યું, 'સૌ પ્રથમ હું કર્ણાટકના અમારા કાર્યકર્તાઓને, અમારા નેતાઓને અભિનંદન આપું છું. કોંગ્રેસ પાર્ટી કર્ણાટકમાં ગરીબોની સાથે ઉભી છે. અમે આ યુદ્ધ પ્રેમથી લડ્યા. કર્ણાટક બતાવ્યું છે કે આ દેશ પ્રેમને ચાહે છે. રાહુલ પહેલા કોંગ્રેસ અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગેનું નિવેદન સામે આવ્યું છે. તેમણે કહ્યું, 'ગાંધી પરિવારના કારણે કોંગ્રેસ એક થઈને લડી છે. જ્યારે તેમની તબિયત સારી ન હતી ત્યારે પણ સોનિયાએ પ્રચાર કર્યો હતો.

## કેબલ બ્રિજ દુર્ઘટનાના બે આરોપીએ નિયમિત જામીન માટે હાઈકોર્ટમાં અરજી કરી

(એ.આર.એલ),મોરબી,તા.૧૩

ગુજરાતના મોરબીમાં કેબલ બ્રિજ દુર્ઘટનાના બે આરોપીઓએ નિયમિત જામીન માટે હાઈકોર્ટમાં અરજી કરી છે. જેમાં બંને આરોપી મહાદેવભાઇ સોલંકી અને મનસુખ પટેલે નિયમિત જામીન માટે અરજી કરી છે. આ બંને આરોપી કેબલ બ્રિજ ખાતે ટિકિટ વહેચણીનું કામ કરતા હતા. જેમાં દુર્ઘટના સમયે નિર્ધારિત સંખ્યા કરતા વધુ ટિકિટ વહેચાયા હોવાનું ખુલાસો થયો હતો. દુર્ઘટના સમયે ૧૫૦ લોકોની કેપેસિટી સામે ૫૦૦ જેટલા લોકો બ્રિજ પર હાજર હતા.પોલીસે બેદરકારી રાખી ટિકિટ વહેચણી કરવા મામલે આ બે લોકોની ધરપકડ કરી હતી. મોરબી કેબલ બ્રિજ દુર્ઘટનામાં ૧૩૫થી વધુ લોકોના મોત થયા હતા. જયારે દુર્ઘટનાના દિવસે આ ૨ વ્યક્તિઓએ ૩૧૬૫ ટિકિટ વેચી હોવાનો તપાસમાં ખુલાસો થયો હતો. ઉલ્લેખનીય છે કે, આ પૂર્વે ગુજરાતના મોરબી ઝૂલતા પુલ દુર્ઘટના કેસના આરોપી અલ્પેશ ગોહિલ,દિલીપ ગોહિલ અને પ્રકાશ ચૌહાણના હાઈકોર્ટે નિયમિત જામીન મંજૂર કર્યા હતા. જેમાં આરોપી દુર્ઘટના અગાઉ બ્રીજના સુરક્ષાકર્મી તરીકે ફરજ બજાવતા હતા. જેમાં તેમને મેનેજમેન્ટ સાથે સીધા કોઈ લેવાદેવા નહીં હોવાની હાઈકોર્ટમાં રજૂઆત કરવામાં આવી હતી. જેની સુનાવણી માટે હાઈકોર્ટે બંને આરોપીના નિયમિત જામીન મંજૂર કર્યા છે. ઉલ્લેખનીય છે કે, આ પૂર્વે મોરબી બ્રિજ દુર્ઘટના કેસ મુદ્દે હાઈકોર્ટમાં રાજ્ય સરકાર વતી એડવોકેટ જનરલે જણાવ્યુ હતુ કે આ કેસને હાલ પુરતુ પૂર્ણ વિરામ આપવુ જોઈએ. મોરબી નગરપાલિકા અસક્ષમ હોવાથી સુપરસીડ કરાઈ હોવાનું તેમણે જણાવ્યુ હતુ. મોરબી કેબલ બ્રિજની નિર્માતા કંપનીએ અગાઉ વળતરની રકમ જમા કરાવી હતી અને બાકીની બેલેન્સ એમાઉન્ટ ૧૪.૬૨ કરોડ રૂપિયા આજે જમા કરાવી છે. બ્રિજ બનાવનાર કંપની ઓરેવા ગૃપે વચગાળાના વળતર માટે ૧૪.૬૨ કરોડ રૂપિયા જમા કર્યા છે. ઓરેવા ગૃપે પણ ગુજરાત હાઈકોર્ટમાં જણાવ્યુ હતુ કે ફેબ્રુઆરીમાં હાઈકોર્ટે કરેલા આદેશ મુજબ બ્રિજ દુર્ઘટનાના પીડિતોને વચગાળાના વળતર તરીકે ૧૪.૬૨ કરોડ રૂપિયા જમા કરાવ્યા છે. બ્રિજ બનાવનાર કંપની ઓરેવા ગૃપે આ રકમ બેલેન્સ એમાઉન્ટ, વચગાળાના વળતર પેટે જમા કર્યા છે. ગત વર્ષે ૩૦ ઓક્ટોબર મોરબીમાં ઝુલતો પુલ તૂટી પડ્યો હતો.


Jay Ambe

DR. R.J. Dave

PHD in Astrology and vastu Science.

BASED IN NADIAD ( GUJ.)

India's one of the top 10 Gold medalist, most reputed, International Astrologer



(Dave Guruji)

- Zonal Director ( Gujarat State ) International Human Rights Council
- Kheda Dist. President- Akhil Gujrat Astrological Society
- Honoured and awarded by various religious and social institutions.
- 3 Decades of social & Astrological Services
- Honoured by shree jagatguru Shankaracharyaji Maharaj
- More than one million satisfied Clients in 20 countries all over the world
- Millennium award winner
- Consult for your personal, Family, Social & finance Property litigations
- VASTU VISIT - Available at your house and other premises
- Popular for National and International Predictions
- You can come with your family for your solutions and satisfaction

We are visiting shortly to

AUSTRALIA. NEW ZEALAND. SUVA FIJI. CANADA & USA

Please forward this message to your friends, families, relatives, even other groups and needy people

Please leave your whatsapp message to us for appointments at the above countries

Main office -9 vrajbhumi Society, near Krishna Nagar, Pij road Nadiad.

Mo. & Whatsapp No. +91 99740 92777 Email-astroministry@gmail.com